વાત-વાતમાં.....

- શહેરમાં એક તરફ ઉત્તરાયણના પર્વનો માહોલ જામ્યો છે અને પતંગ-દોરીનું બજાર ધીમે ધીમે જામી રહ્યું છે. બીજી તરફ શહેરની શાળાઓમાં સ્પોર્ટસ ડે અને એન્યુઅલ ડે વગેરેની ઉજવણીના આયોજનોની ભરમાર જોવા મળી રહી છે.
- શહેરના સિમાડે ધીરૂભાઈ અંબાણી યુનિવર્સિટી ખાતે આજે આગામી ગુજરાતી ફિલ્મ ''સફળતા કિમી ૦''ના યુનિટ દ્વારા પ્રમોશન યોજવામાં આવ્યું હતું. જો કે પ્રમોશન માટે આવનાર ફિલ્મનું યુનિટ નિયત ૪ વાગ્યાને બદલે સાડા ૬ વાગે આવતા વિદ્યાર્થીઓને નિરાશા સાંપડી હતી અને તેમણે ઉત્સાહ ઓછો દર્શાવ્યો હતો.
- સેક્ટર-૪-સી માંથી એક યુવાન એક્ટિવા સ્કૂટરની ડેકીમાં બે બોટલ વિદેશી દારૂ લઈને ઝડપાયો હતો. પોલીસે બાતમીના આધારે યુવાનને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વિધાનસભામાં કોંગ્રેસનો હોબાળો

સીએએ મુદ્દે મળેલી બેઠકમાં કોંગ્રેસનો હોબાળો : બાળકોના મોત પ્રશ્ને કોંગ્રેસે વિરોધ કરતા દેવવ્રત રવાના : ઇમરાન ખેડવાળાએ લોહીથી સીએએના વિરોધ પ્રદર્શનનું પોસ્ટર બનાવીને વિધાનસભા બહાર દેખાવ કરતાં વિવાદ

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત વિધાનસભાના આજે એક દિવસના ટૂકા સત્રમાં પ્રારંભમાં રાજયપાલે ગૃહમાં સંબોધન કરતા જ વિરોધ પક્ષના ધારાસભ્યોએ હંગામો મચાવ્યો હતો. બાળકોના મોત મામલે વિપક્ષ કોંગ્રેસનો હોબાળો કર્યો હતો. કોંગ્રેસના ધારાસભ્યો વેલમાં ધસી આવ્યા હતા. જેથી પ્રવચન ટુંકાવી રાજ્યપાલ ગૃહમાંથી બહાર નીકળી ગયા હતા. ભારે હોબાળા વચ્ચે વિધાનસભાની કાર્યવાહી મુલતવી રાખવામાં આવી હતી. તો, કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ પોતાના લોહીથી લખેલા પોસ્ટરથી વિધાનસભામાં સીએએ કાયદા, એનપીઆર, એનઆરસીનો અનોખી રીતે વિરોધ કરતાં ભારે ચકચાર મચી ગઈ હતી. ઈમરાન ખેડાવાલાના લોહીવાળા પોસ્ટરને લઈ અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ ગંભીર ટકોર કરી હતી કે, તમે ગુજરાત વિધાનસભામાં ઉભા છો, પાકિસ્તાનમાં નહી. ત્યારબાદ વિપક્ષ અને શાસક પક્ષ એમ બંને પક્ષના સભ્યો સામસામે આવી ગયા હતા અને ગૃહમાં જોરદાર હોબાળો મચી ગયો હતો. કોંગી ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ પોતાના લોહીથી લખેલા પોસ્ટર લઈને વિરોધ દર્શાવ્યો હતો. જે સૌકોઈનું ધ્યાન ખેંચતા હતા.

જયારે લલિત કગથરાએ નવજાત બાળકોના મોત મામલે બાળ હત્યા, બાળ મૃત્યુ બંધ કરોનો સૂત્રોચ્ચાર કર્યા હતા. વિપક્ષના સુત્રોચ્ચાર વચ્ચે ભાજપના ધારાસભ્યોએ પણ જયશ્રી રામના નારા લગાવ્યા હતા. આમ બંને પક્ષે સામસામે સૂત્રોચ્ચારના કારણે રાજ્યપાલે પ્રવચન ટૂકાવ્યુ હતું અને ૧૫ મિનિટ ગૃહ સ્થગિત થયું હતું.

રાજયમાં બાળમૃત્યુ, મહિલા સુરક્ષા, રોજગારી સહિતના પ્રશ્ને વિપક્ષે સત્ર લંબાવવાની માંગ કરી હતી. જો કે, રાજ્યપાલે તેમની માંગણી પણ સ્વીકારી ન હોવાનો વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ આક્ષેપ લગાવ્યો હતો. ગુજરાત વિધાનસભા ગૃહનું એક દિવસીય સત્ર આજે ભારે હંગામેદાર અને હોબાળાવાળુ બની રહેતાં રાજકારણ ગરમાયું હતું.

બીજીબાજુ, ગુજરાત રાજયનું વર્ષ ૨૦૨૦-૨૧ના નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી નીતિન પટેલ તા.૨૪ ફેબ્રુઆરીએ રજૂ કરશે. ચાલુ વર્ષના પહેલા સત્રનો આજથી પ્રારંભ થઈ ગયો છે, પરંતુ ૨૩ દિવસ માટે સત્રની તમામ બેઠકો મુલતવી રખાઈ છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરના વિવિધ વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટો બંધ રહેવાની ફરિયાદો વધવા પામી છે.
- ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર રીટાબેન પટેલ દ્વારા આજે સે. ૨૮ની પ્રા. શાળાના ભૂલકાંઓને પતંગનું વિતરણ કર્યુ હતુ.
- ગાંધીનગર શહેર અને જિલ્લાની શાળાઓમાં આજે વિશ્વ હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- ઉત્તરાયણ પર્વ પછી તુરત જ લગ્નસરાની મોસમ પૂરબહારમાં ખીલવાની હોવાથી લોકો ઉત્તરાયણની ઉજવણી કરકસરથી કરવા માટેની ગણતરીઓમાં વ્યસ્ત બન્યા છે.
- ગાંધીનગર જિલ્લામાં ચેઈન સ્નેચીંગના બનાવો છેલ્લા પાંચ વર્ષમાં ૧૩૧ જેટલા પોલીસ ચોપડે નોંધાયા છે અને આ માટે ૪૦ જેટલા શકમંદોને પકડવામાં પોલીસને સફળતા મળી છે.
- કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ કાલે ગાંધીનગર આવી રહ્યા છે. ત્યારે ૬ હજાર પોલીસ કર્મચારીઓ બંદોબસ્તમાં વ્યસ્ત રહેશે.

ભીમ આર્મી દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર અપાયું

ભીમ આર્મી દ્વારા ગાંધીનગર જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી અરવલ્લી જિલ્લાના પિડિત પરિવારને ન્યાય મળે તે માટે માંગ કરી છે. આ ઘટનામાં નિષ્પક્ષ તપાસ થાય તે માટે ભીમ આર્મીએ તમામ આરોપીની ધરપકડ કરવામાં આવે. પિડીત પરીવારને એસઆરપીનું રક્ષણ આપવામાં આવે અને આ કેસની તપાસ સીઆઈડી ક્રાઈમને સોંપવામાં આવે તેવી માંગ ભીમ આર્મીના ગાંધીનગર જિલ્લા અધ્યક્ષ પ્રકાશભાઈ વણકર તેમજ કાર્યકરો દ્વારા કરવામાં આવી છે.

પક્ષીઓને દોરીથી બચાવવા વિદ્યાર્થીઓની જાગૃતિ રેલી

ગાંધીનગર, તા.૧૦

ઉત્તરાયણ પર્વ નજીક આવી પહોંચ્યું છે અને આ પર્વમાં પતંગના આનંદ સાથે અબોલ પક્ષીઓના ઘાયલ થવાનું દર્દ પણ સામેલ હોય છે જે અંગે નવી પેઢીમાં હવે જાગૃતિ વધતી જાય છે. શહેરના સેકટર-૨૧ ખાતેની માઉન્ટ કાર્મેલ શાળાની ઈકો કલબના ૫૦ જેટલા પ્રકૃતિ પ્રેમી વિદ્યાર્થીઓ દ્વારા 'પક્ષીઓ બચાવો'ના સંદેશ સાથે એક જાગૃતિ રેલી યોજવામાં આવી હતી. જેનું નિવૃત્ત જિલ્લા વનાધિકારી હેમંતભાઈ સુથાર દ્વારા માર્ગદર્શન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં વિદ્યાર્થીઓએ બેનર્સ સાથે સુત્રોચ્ચાર કરી પક્ષીઓને બચાવવા જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો. રેલી સેકટર-૨૧માં શાળાથી શરુ કરીને શાકમાર્કેટ સુધી યોજાઈ હતી. રેલીમાં બાળકો સાથે સ્કૂલના કેટલાક શિક્ષકો પણ જોડાયા હતા.

કાવ્યરત્ન ગ્રુપ દ્વારા જરૂરીયાતમંદોને અનાજ અને કપડાંનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૧૦

કાવ્યરત્ન ગ્રુપ, ગાંધીનગર દ્વારા તાજેતરમાં તૃતિય સેવાકાર્યક્રમ દરમ્યાન શામળાજી

દ્વારા શામળાજી આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં અનાજ, કરિયાણુ તથા કપડાંનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કાવ્યરત્નગ્રુપ, ગાંધીનગર આજુબાજુના ગામ/સ્થળો જેવા કે વજાપર ગામ તેમજ પ્રાથમીક શાળા, નવા ભેટાલી-ભેટાલી, મીરા કન્યા છાત્રાલય-શામળપુર, હરિચંદ્ર આશ્રમશાળા-શામળપુર, રૂદરડી ગામ, ભવનપુર આશ્રમ વગેરે સ્થળોએ જરૂરિયાતમંદ પરિવારોને, વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓને તેમજ કામદારોને ૧૦૦ કિલો ખીચડી, ૧૦૦ કિલો બાજરીનો લોટ, ૧૦૦ નંગ નવી સાડીઓ, ૩૦ નંગ જૂની સાડીઓ, ૫૦ કિલો ચવાણું, અંદાજે ૫૦૦ જોડી જુના કપડાં, જુના પગરખાં, ઘરવખરીનો સામાન, રમકડાં વગેરે વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કાવ્યરત્નગ્રુપના તેમજ અન્ય ૯ જેટલા સહયોગી મિત્રોએ સેવા પુરી પાડી સમાજને એક ઉત્તમ કાર્ય કરવાની રાહ ચીધી છે.

શક્તિપીઠ અંબાજી ખાતે આદ્યશક્તિ મા-અંબાનો પ્રાગટ્ય દિવસ ઉજવાયો

મહાઆરતી બાદ અંબાજીની ભવ્ય શોભાયાત્રા : ચાચર ચોકમાં શાકોત્સવ તેમજ છપ્પનભોગનો અન્નકૂટ ધરાવાયો : બે લાખથી વધુ શ્રદ્ધાળુ મહોત્સવમાં ઉમટયા

અમદાવાદ, તા.૧૦

આજે પોષ સુદ પૂનમે મા અંબાનો પ્રાગટ્ય દિવસ હોઈ સુપ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી ખાતે માંઈ ભકિતનો માહોલ છવાયો હતો. આજે વહેલી સવારે આઠ વાગ્યે ગબ્બર તળેટીથી માં અંબાની જ્યોત અંબાજી મંદિર લાવવામાં આવી હતી. સવારે સાડા આઠ વાગ્યે અંબાજી મંદિરની યજ્ઞશાળામાં મહાશકિત યજ્ઞનું આયોજન કરાયું હતું. ત્યારબાદ ૧૦-૦૦ વાગે અંબાજીના શકિતદ્વારથી મહાઆરતી બાદ ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. જે અંબાજી શહેરના તમામ માર્ગો પર ફરી સાંજે નીજ મંદિરે પરત ફરી હતી. અંદાજે બે લાખથી વધુ માઈભકતો માં અંબાના પ્રાગટ્ય મહોત્સવમાં ભાગ લેવા ઉમટયા હતા. ગઈકાલે સાંજથી જ ચાચરચોકમાં મા અંબાના પ્રાગટ્ય દિવસની ઉજવણીના કાર્યક્રમની શરૂઆત થઈ હતી. શ્રી અંબાજી ધાર્મિક ઉત્સવ સમિતિ અને શ્રી આરાસુરી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના સહયોગથી મા અંબાના ચાચરચોકમાં ગામની શાળાઓના બે દિવસીય સાંસ્કૃતિક પ્રોગ્રામનું આયોજન કરાયું છે. આજે

શુક્રવારે સવારે ગ્રામજનો અને ગબ્બર ઉપર ધજા ચડાવીને માની અખંડ જ્યોતમાંથી જ્યોત લઈને જ્યોતિ યાત્રા તરીકે ઓળખાતી યાત્રા ગબ્બરથી અંબાજી આવી હતી. આપેશ્વર મહાદેવ મંદિર ખાતે માઈભક્તો દ્વારા જ્યોત જાત્રા ઢોલ વગાડી સ્વાગત બાદ નિજ મંદિરે આવ્યા બાદ મા અંબાની મૂર્તિની પૂજા વિધિ કરી શકિતદ્વાર ખાતે મહાઆરતી કરવામાં આવી હતી. માતાજીના અસ્ત્ર અને આયુધો સાથે ઢોલ નગારા સાથે મા અંબા ગજરાજ પર આરૂઢ થઈ અને ફુલ વરસાવતી તોપની સાથે બેન્ડવાજા, શરણાઈઓ સહિત ૩૩ કરતાં વધુ વિવિધ ઝાંખી કરાવતી મંડળીઓ સાથે આ ભવ્ય

(અનુસંધાન નીચેના પાને)

શોભાયાત્રા અંબાજીના પરંપરાગત માર્ગો પર નગરજનોને દર્શન આપવા નીકળી ત્યારે લાખો માંઈભકતોમાં અંબે માતાજીની ભકિતનો માહોલ છવાયો હતો. લાખો શ્રધ્ધાળુ ભકતોએ માંના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ગુજરાતભરમાંથી માઈભકતો અંદાજે ૬૦ યજ્ઞકુંડ પરથી આ મહાયજ્ઞનો લાભ લેવા ઉમટયા હતા. તો, બપોરે ચાચરચોકમાં શાકોત્સવનો અન્નકુટ તથા છપ્પનભોગનો અન્નકૂટ ધરાવીને આરતી થઈ હતી. રંગોળી, ફૂલોની તોપ, અખંડ જ્યોત, શાકંભરી રથ, માતાજીની બગી, નવદુર્ગાની ઝાંખી, કાર્મેલ સ્કૂલની ઝાંખી, આદિવાસી નૃત્ય, ટ્રિનિટી સ્કૂલની ઝાંખી, નવોદય વિકલાંગ સ્કૂલની ઝાંખી, હાઈસ્કૂલની ઝાંખી, બાહુબલી બગી, રાજસ્થાનની ઝાંખી, ગાયત્રી મંદિર ઝાંખી, ગૌમાતાની ઝાંખી. અંબાજી શકિતદ્વારથી, જુનાનાકા, માનસરોવર, આઝાદ ચોક, ખોડીયાર ચોક, પોલીસ સ્ટેશન સર્કલ, ભવાની પેટ્રોલ પંપ થઈ શોભાયાત્રા શકિત દ્વાર પરત ફરી હતી. સમગ્ર યાત્રા દરમ્યાન બોલ મારી અંબે, જય જય અંબે..ના ભકિતનાદ ગુંજી ઉઠયા હતા.

પાલનપુર રેલવે સ્ટેશનમાં રોકડ રકમ મોબાઈલ ફોન ભરેલી થેલીની ચોરી

મહિલાની નજર ચૂકવી ગઠિયો થેલી લઈ ગયો

પાલનપુર

પાલનપુર રેલવે સ્ટેશને પોતાના સબંધીને ટ્રેનમાં બેસાડવા ગયેલા મહિલાની રોકડ રકમ-મોબાઈલ ફોન ભરેલી થેલીની કોઈ ગઠિયો ચોરી કરી ગયો હતો. આ અંગે તેણીએ રેલવે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

પાલનપુર કોલેજ કમ્પાઉન્ડ ખાતે રહેતા ચેતનાબેન પ્રવીણભાઈ જોશી બે દિવસ અગાઉ તેમના બેન ભારતીબેન ભુપેન્દ્રભાઈ જોશીને વૈષ્ણવદેવી જવા માટે જમ્મુ - તાવી ટ્રેનમાં બેસાડવા માટે પાલનપુર રેલવે સ્ટેશને ગયા હતા. જેઓ પ્લેટફોર્મ નંબર ૧માં બેઠા હતા. તે દરમિયાન કોઈ ગઠિયો તેમની નજર ચૂકવી પાસે પડેલી રૂપિયા ૧૨૦૦ રોકડા તેમજ બે મોબાઈલ મળી કુલ રૂપિયા ૮૨૦૦નો મુદ્દામાલ ભરેલી થેલી ઉઠાવી ફરાર થઈ ગયો હતો. આ અંગે તેમણે પાલનપુર રેલવે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

ઉત્તરાયણ ઈફેક્ટ : ૧૦૮હાઈએલર્ટ

અમદાવાદ,તા.૧૦

ઉત્તરાયણના તહેવારને લઈ અમદાવાદ શહેર સહિત રાજયભરમાં ઈમરન્જસી સારવારની સેવા ૧૦૮ને હાઈએલર્ટ પર રાખવામાં આવી છે. તંત્ર દ્વારા ૧૦૮ના તમામ સ્ટાફ કર્મચારીઓને એકદમ એલર્ટ અને કોઈપણ ઈમરજન્સીની પરસ્થિતિને પહોંચી વળવા ખડેપગે તૈનાત રહેવા કડક તાકીદ કરી દેવાઈ છે. ગુજરાતમાં ગત વર્ષે ઉત્તરાયણના દિવસે પતંગ દોરા વાગવાથી ઈજા થયાના ૩૫ કેસ ઈમરજન્સી સેવા ૧૦૮માં આવ્યા હતા. વાસી ઉત્તરાયણમાં ૨૩ લોકોના ગળા કપાયા હતા. જેમાં અમદાવાદમાં અનુક્રમે ૨૫ અને ૨૮ કેસો પતંગના દોરા વાગવાથી ગંભીર ઈજા થઈ હોય તેવા આવ્યા હતા. વર્ષ ૨૦૧૮માં ઉત્તરાયણના દિવસે ૩,૫૨૭ અને વાસી ઉત્તરાયણમાં ૩,૫૯૬ કેસો ઈમરજન્સીને લગતા આવ્યા હતા. નોંધનીય છે કે, ચાલુ વર્ષે અમદાવાદ શહેરમાં જાગૃતિના કારણે કોઈ મોટા બનાવ બન્યા નથી. નવા વર્ષે હવે ઉત્તરાયણને આડે ત્રણ જ દિવસો બાકી રહ્યા છે. ત્યારે પગંત દોરાથી ઘવાયેલા કે ધાબા પરથી પટકાયેલા લોકોને સત્વરે સારવાર આપવા માટે ઈમરજન્સી સેવા ૧૦૮ને ખડેપગે રખાશે. આ વખતે સામાન્ય દિવસની તુલનામાં ઉત્તરાયણમાં ૨૧ ટકા અને વાસી ઉત્તરાયણમાં ૧૯ટકા ઈમરજન્સી કેસો વધવાની સંભાવના વ્યકત કરાઈ છે. ૧૦૮ની કુલ ૫૮૭ વાન તેના તાલીમબદ્ધ સ્ટાફ સાથે તૈનાત કરાઈ છે. વધુ ઈમરજન્સીવાળા સંભવિત વિસ્તારોમાં વધારાની ૧૦ વાન પણ ઉપલબ્ધ કરાવાઈ હોવાનું જાણવા મળે છે. ચાલુ વર્ષે ઉત્તરાયણના દિવસે ૩,૭૩૦ અને વાસી ઉત્તરાયણમાં ૩,૬૫૯ ઈમરજન્સી કોલ આવવાની શક્યતા વ્યક્ત કરાઈ છે. ઉપરાંત વાહન અકસ્માતના અનુક્રમે ૮૨૭ અને ૫૨૫ કેસો આવવાની શક્યતા છે. અમદાવાદ શહેરમાં ૬૪૩ અને ૬૫૯ કેસો આ બે દિવસ દરમિયાન આવવાની શક્યતા જોવાઈ રહી છે.પતંગ ચગાવતી વખતે ખાસ સલામતી રાખવાની અપીલ ઈમજરન્સી સેવા ૧૦૮ દ્વારા કરાઈ છે.

રવિવારે ડૉ. અનિલ ચૌહાણના વાર્તાસંગ્રહના પોંખણા યોજાશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર સાહિત્ય સભા અને ગૂર્જર સાહિત્ય પ્રકાશનના સંયુકત ઉપક્રમે 'નવોન્મેષી' વાર્તા સર્જક ડૉ. અનિલ ચૌહાણના શબ્દોના ઓવારણાં પ્રસંગે 'માણસ ઉર્ફે લાગણી ઉર્ફે સંબંધ ઉર્ફે....' વાર્તાસંગ્રહને પોંખવાના અવસરનું આયોજન તા. ૧૨મી જાન્યુઆરી રવિવારના રોજ સવારે ૧૦ કલાકે ઈન્ફોસિટી કલબ એન્ડ રિસોર્ટ ખાતે કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણાની પ્રેરક ઉપસ્થિતિ સાથે કાર્યક્રમના અધ્યક્ષપદે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુ પંડયા ઉપસ્થિત રહેશે. જેઓના હસ્તે પુસ્તકનું લોકાર્પણ કરાશે. આ પ્રસંગે વરિષ્ઠ સાહિત્યકાર કેશુભાઈ દેસાઈ, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહા, ગૂર્જર સાહિત્ય પ્રકાશનના મનુભાઈ શાહ, શબ્દસાધક શુભાશિષ પાઠવશે જયારે અધ્યાપક અજીત મકવાણા વાર્તા વાચિકમ પ્રસ્તુતિ કરશે. સમગ્ર કાર્યક્રમની સૂત્ર ગૂંથણી જાણીતા નવલકથાકાર, વાર્તાકાર કલ્પેશ પટેલ દ્વારા કરાશે.

ઠંડીનું જોર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પવનનુ જોર એટલુ વધુ હતુ કે દિવસ દરમિયાન પણ આકરી ઠંડીનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. જયારે સાંજ ઢળતા સમગ્ર શહેર ચિલ્ડ થઈ ગયુ હતુ. બર્ફિલા પવનના લીધે નગરજનો ઠંડીથી પ્રભાવિત થયા હતા. સવારે આકરા પવન વચ્ચે ઠંડીનુ પ્રમાણ વધતા શાળાએ જતા વિદ્યાર્થીઓને મુશ્કેલીમાં મુકાવવુ પડયુ હતુ.

ઠંડીનુ પ્રમાણ વધવાની સાથે જનજીવન પર વિપરિત અસર વર્તાઈ રહી છે. ઠંડીની સાથે પવનનુ જોર રહેતા શરદી અને દમના દર્દીઓ વિશેષ પ્રભાવિત થઈ રહ્યા છે. સુસવાટા મારતા પવનના લીધે ઠંડીનુ જોર બેવડાયુ છે.

આજે પણ ઠંડી ઓછી હોવાછતા નગરજનોએ અસહ્ય કોલ્ડવેવનો અહેસાસ કર્યો હતો.દિવસ દરમિયાન મહત્તમ તાપમાન પણ ૨૪ ડીગ્રી રહ્યુ હતુ જયારે લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે બેવડો તફાવત રહ્યો હતો. પરંતુ પવનના લીધે દિવસે પણ રાત્રિની જેમ આકરી ઠંડી વર્તાઈ હતી.

મિશ્ર રજૂઆતો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પશુઓ દ્વારા થતી ગંદકીની સ્વચ્છતામાં તંત્રની ઉદાસીનતા સામે લોકોએ આકરી રજુઆતો કરી હતી. જો કે કેટલાક સેક્ટોરમાં સ્વચ્છતાને લઈ તંત્ર દ્વારા લેવામાં આવેલા પગલાંઓની સંપૂર્ણ જાણકારી હોવાનું પણ ટીમને પ્રતીત થયુ હતુ.

સ્વચ્છતા સર્વેક્ષણ માટે આવેલી ટીમના સભ્યોને સતત મોબાઈલ એપ પર જ લોકેશન આપવામાં આવે છે એટલુ જ નહિ આ ટીમ તેના ફિડબેક પર જે તે લોકેશનના ફોટા સાથે જ અપલોડ કરી રહી છે.

જો કે શહેરમાં સ્વચ્છતા અભિયાનની ઝુંબેશને તંત્ર દ્વારા છેલ્લા થોડાક દિવસથી સઘન બનાવવામાં આવી હતી અને તેના સારા પરિણામ પણ મળ્યા છે. શહેરમાં સર્વેક્ષણ માટે આવેલી ટીમે ડોર ટુ ડોર કલેકશનની કામગીરીનું પણ આજે નિરીક્ષણ કર્યુ હોવાનું જાણવા મળેલ છે.

અવલોકન માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ના આપતાં વિપક્ષના કોંગી સભ્યો સભાત્યાગ કરી ગયા હતા.

જો કે પાછળથી આ મુદ્દો પ્રમુખ સ્થાનેથી મંજૂર કરવામાં આવ્યો હતો. આજની આ બેઠકમાં વિપક્ષ અને સત્તાધારી પક્ષના સભ્યોની શાબ્દીક ટપાટપીને બાદ કરતાં સામાન્ય સભા એકંદરે શાંત રહી હતી.

તાલુકા પંચાયતના સભ્યોને તેમના વિસ્તારમાં વિકાસ કામો માટે રૂ. ૧૦ લાખની ફાળવણી કરવાનો નિર્ણય સર્વાનુમતે લેવામાં આવ્યો હતો.

મળતી વિગતો પ્રમાણે આવકના પ્રમાણમાં ૧૦ ટકા જેટલી પુરાંત બતાવવાની જોગાઈ સામે ગાંધીનગર તાલુકા પંચાયતે ૧૨ ટકા જેટલી પુરાંત દર્શાવી છે. ૧૦ કરોડ ૫૨ લાખની આવક વર્ષ ૨૦૨૦-૨૧માં થશે તેવો અંદાજ સેવવામાં આવ્યો છે. જેની સામે રૂ. ૯ કરોડ ૩૭ લાખ જેટલો ખર્ચ થતાં એક કરોડ ૨૦ લાખની પુરાંત રહેવાના અંદાજ સાથે અંદાજપત્ર તૈયાર કરી અને જિલ્લાકક્ષાએ અવલોકન માટે મોકલવામાં આવ્યુ છે.

ડેપોની આવક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેટલી ટ્રીપોનુ પણ સંચાલન કરવામાં આવે છે. ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા શહેરી બસ સેવા ઉપરાંત લગ્નવર્ધિ તેમજ સરકારી અને વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં પણ બસો દોડાવાય છે. જેના લીધે પણ એસ ટી નિગમને નોંધપાત્ર આવક થાય છે. છેલ્લા એક વર્ષમાં એસ ટી એ ૧ કરોડ કીલોમીટર જેટલુ બસનુ સંચાલન કર્યુ છે. જેના આધારે એસ ટી એ રૂ ૧૮.૨૮ કરોડની આવક કરી છે. ગાંધીનગર ડેપો દ્વારા મુસાફરોની માંગણી પ્રમાણે બસો દોડાવાય છે. અલબત્ત મુસાફરોને પુરતી સુવિધા પુરી પાડવાનો પણ પ્રયાસ કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૯ દરમિયાન એસ ટી એ ૧૦૬૨૧૩૭૦ કીલોમીટરનુ સંચાલન કર્યુ હતુ. જયારે ગત વર્ષની સાપેક્ષમાં ૧૩૬૮૨૫ કીલોમીટર બસો ઓછી દોડી હતી આમછતા આવકનુ પ્રમાણ વધ્યુ છે. ગત વર્ષ કરતા ડેપોએ રૂ ૭૨.૮૯ લાખની વધુ આવક કરી છે. ગત વર્ષ કરતા આવકનુ પ્રમાણ વધ્યુ છે. જયારે હજુ પણ આગામી દિવસોમાં નવી બસો શરૂ કરી વધુ આવક મેળવવાના પ્રયાસો કરાશે. એસ ટી ડેપો દ્વારા વિવિધ બસોનુ સંચાલન કરી પ્રતિવર્ષ નોંધપાત્ર આવક કરવામાં આવે છે. પરંતુ હજુ સુધી ડેપોમાં મુસાફરલક્ષી જરૂરી સુવિધાઓ પુરી પાડવામાં આવતી નથી.

ઈન્ટરનેટ પર

● અનુસંધાન પહેલાનું ચાલુ

સુપ્રીમ કોર્ટે કહ્યું કે કાશ્મીરમાં હિંસાનો એક લાંબો ઈતિહાસ રહેલો છે. આપણે સ્વતંત્રતા અને સુરક્ષા વચ્ચે સંતુલન જાળવવું પડશે. નાગરિકોના અધિકારોનું રક્ષણ કરવું પણ જરૂરી છે. સરકાર દ્વારા જરૂર પડે ત્યારે જ ઈન્ટરનેટ બંધ થવું જોઈએ.

ક્રિમિનલ પ્રોસિજર કોડ (સીઆરપીસી) ની કલમ ૧૪૪ લાદવાના સરકારના નિર્ણય સામે પણ થયેલી રીટ અરજીઓની સુનાવણીમાં કોર્ટે ઠરાવ્યું કે કલમ ૧૪૪નો અમલ કરવો એ ઉપચારાત્મક અને નિવારક પગલાં છે અને તેનો ઉપયોગ ફક્ત ત્યારે જ થઈ શકે જો હિંસાની શક્યતા હોય અને જાહેર સલામતીમાં જોખમ હોય.

આ કેસમાં મુખ્ય અરજદાર કાશ્મીર ટાઈમ્સ અખબારના સંપાદક અનુરાધા ભસીન હતા. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્યસભાના સાંસદ ગુલામ નબી આઝાદ દ્વારા દાખલ કરેલી અરજી સહિત આ મામલે બીજી ઘણી અરજીઓ જોડવામાં કરવામાં આવી હતી.

માલામાલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બીજેપીએ જણાવ્યું છે કે, ૨૦૧૮-૧૯ માં ૧૦૦૫ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે, જે ગત વર્ષની તુલનામાં ૩૨% વધારે છે. પાર્ટીએ ગયા વર્ષે ૭૫૮ કરોડનો ખર્ચ કર્યો હતો.

તો ચૂંટણી પંચના રિપોર્ટમાં કોંગ્રેસે જણાવ્યું છે કે, ૨૦૧૮-૧૯ માં તેને ૯૧૮ કરોડની આવક થઈ છે, જે ગત વર્ષની તુલનામાં ૩૬૧% વધારે છે. ગયા વર્ષે કોંગ્રેસને ૧૯૯ કરોડની આવક થઈ હતી. કોંગ્રેસે આ વર્ષે ૪૬૯ કરોડનો ખર્ચ કર્યો હતો, જ્યારે ગયા વર્ષે ૧૯૭ કરોડનો ખર્ચ કર્યો હતો. કોંગ્રેસે ચૂંટણી આયોગને જણાવ્યું છે કે, ૯૧૮ કરોડની આવકમાં ચૂંટણી બૉન્ડ દ્વારા પાર્ટીને ૩૮૩ કરોડ મળ્યા હતા, જે ૨૦૧૭-૧૮ મળ્યા.

પ્રસ્તાવ પસાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

અફવા ફેલાવીને દેશવાસીઓમાં અસલામતી અને અરાજકતા ફેલાવવાનું બંધ કરવું જોઈએ. મંત્રી જાડેજાએ કહ્યું હતું કે, કેન્દ્રિયગૃહ મંત્રી અમિત શાહે સંસદમાં આ બિલ રજૂ કરતા સ્પષ્ટ કર્યું હતું કે, આ કાયદાથી પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશમાં વર્ષોથીયાતનાનોભોગ બનેલા લઘુમતીઓને નવું જીવન મળશે. આ કાયદાના અમલીકરણથી દેશમાં રહેતા કોઈપણ ધર્મના કોઈપણ નાગરિકની નાગરિકતા છીનવાવાની નથી. મંત્રી જાડેજાએ જણાવ્યું હતું કે,કેન્દ્રમાં ભાજપના નેતૃત્વવાળી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારે આપેલા વચનો ત્રિપલ તલાકમાંથી મુસ્લિમ મહિલાઓને મુક્તિ, કશ્મિર માટેની કલમ -૩૭૦ અને ૩૫-એને રદ્દ કરવાની, અયોધ્યામાં રામ મંદિર નિર્માણની યોજના જેવા અનેક વચનો દેશ હિતમાં પૂર્ણ કરી રહી છે જેના ઉપર હાલના વિપક્ષના મિત્રો હિન્દુ – મુસ્લિમના નામે ધર્મનું રાજકારણ કરી રહ્યા છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, સીએએ અંગે કોંગ્રેસ લોકોમાં ખાસ કરીને મુસ્લિમોમાં ભયનું વાતાવરણ ઉભું કરી રહી છે. વાસ્તવમાં નવો નાગરિકતા કાયદો ભારતીય મુસ્લિમો અથવા દેશના કોઈ પણ નાગરિકના અધિકારોને આંચકી લેતો નથી. કોંગ્રેસની ''ભાગલા પાડો અને રાજ કરો''ની નીતિને કારણે જ એક વખત મા ભારતીના ટુકડા થઈ ગયા.

જાહેર નિવિદા

આથી રસ ધરાવતા ઈજારદારોને જણાવવાનું કે અત્રેના અરવલ્લી વન વિભાગની મોડાસા રેન્જના કાર્યક્ષેત્રમાં બાંધકામ કરવાની જરૂરિયાત હાઈ ટેન્ડર પધ્ધતિ દ્વારા આમંત્રિત કરવામાં આવે છે. ટેન્ડર ફોર્મ જાહેરાત પ્રસિદ્ધ થયેથી રૂા. ૫૦૦/- રોકડા ભર્યેથી અત્રેની કચેરીએથી તા. ૧૧/૧/૨૦૨૦ થી તા. ૧૭/૧/૨૦૨૦ સુધીમાં કચેરી સમય દરમ્યાન મેળવી શકાશે તથા ટેન્ડર ફોર્મ સ્વીકારવાની છેલ્લી તા. ૨૩/૧/૨૦૨૦ના રોજ બપોરે